| GJBN050013002024 | | કેસ રજુ તા : ૧૫/૦૨/૨૦૨૫<br>કેસ દાખલ તા: ૧૫/૦૨/૨૦૨૫<br>કેસ ફેંસલ તા: ૧૮/૦૫/૨૦૨૬<br>સમય ગાળો :દિવસ–માસ–વર્ષ |
|---|---|---|

**મહે. એડી. ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.મહુવા.**

ફોજદારી કેસ નં. ૧૯૩/૨૦૨૫

આંક:–

ફરીયાદી:– શ્રીસરકાર.

**વિરૂધ્ધ**

આરોપીઓ :– (૧)ભરતભાઈ સવજીભાઈ બારૈયા
ઉ.વ. ૩૪ , ધંધો– મજુરી,
(૨) દિશાંતભાઈ દિપકભાઈ બારૈયા
ઉ.વ.૨૧, ધંધો. મજુરી,
બન્ને રહે. મહુવા, જી.ભાવનગર.

**ગુન્હો:– પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬ (બી).૮૧ મુજબ.**

---

સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ.વી.રાજયગુરૂ.
આરોપીઓ ઓ તરફે વિ.વકીલશ્રી એ.યુ.તૈલી

---

**–: ઠ રા વ :–**

**૧.** આરોપીઓ ઓ સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામનાં આરોપીઓ એ પોતાનાં કબજા ભોગવટામાં ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની બોટલ નંગ– ૨૪ કિંમત રૂા. ૧૪૮૨૦ /– નો મુદ્દામાલ રાખી ગુન્હો કરેલ. જેથી આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬ (બી),૮૧ મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સંબંધી ચર્ચા કરતા પૂર્વે એ નોંધવું જરુરી છે કે, હાલનો કેસ ગુજરાત સરકારશ્રી ધ્વારા પ્રોહીબીશન એકટમાં કરવામાં

આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઈઓ તેમજ સજા સંબંધી જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ હતો.

જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૮૮૯૨/૨૦૧૮ તા.૫/૫/૨૦૧૮ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા તથા તે ચુકાદા સાથે નામદાર ગુજરાત વડી અદાલતના પરીપત્ર ક્રમાંક ૯૨૦૦/૨૦૧૮, ઓફીસ ઓર્ડર નં.૭૫૮/૨૦૧૮ અન્વયેપ્રોહીબીશન એકટમાં થયેલ સુધારા બાદ પણ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનું ઠરાવે છે. પ્રોહીબીશન એકટ સુધારા બાદના પણ કેસો ચલાવવવાની અત્રેની કોર્ટને સત્તા આપેલ હોય, હાલનો કેસ ચલાવવામાં આવેલ છે.

૨. આ કામના આરોપીઓ ને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક – ૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી ૦૬ આરોપીઓ ની પ્લી નોંધવામાં આવતા આરોપીઓ એ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :

**(અ) <u>મૌખિક પુરાવો</u> :–**

| | | |
|---|---|---|
| (૧) | પંચ હારુનભાઈ અલારખભાઈ ચૌહાણ ની જુબાની. | આંક– ૦૮ |
| (૨) | પંચ મુસ્તુફાભાઈ મહમદભાઈ ચૌહાણ ની જુબાની. | આંક– ૧૦ |
| (૩) | ફરિયાદી ભગતભાઈ નાજાભાઈ રગિયા ની જુબાની | આંક–૧૨ |
| (૪) | સાહેદ રાજુભાઈ નાથાભાઈ પરમારની જુબાની | આંક– ૧૪ |

| | | |
|---|---|---|
| (૫) | સાહેદ જીતેન્દ્રભાઈ મહેશભાઈ કાતરીયાની જુબાની | આંક– ૧૫ |
| (૬) | ત.ક.અ.વિજયભાઈ કમાભાઈ રાઠોડની જુબાની | આંક– ૧૬ |

(બ) **<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| | | |
|---|---|---|
| (૧) | પંચનામાની ખરી નકલ. | આંક– ૦૯ |
| (૨) | ફરીયાદની ખરી નકલ. | આંક– ૧૩ |
| (૩) | તપાસ સોપ્યા અંગેનો રીપોર્ટ | આંક– ૧૭ |

ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તર્ફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

**૪.** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીઓ નું સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના આરોપીઓએ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી. તેમજ વિશેષમાં ખોટી ફરીયાદ કરેલ હોવાનું તથા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u> :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ પોતાનાં કબજા ભોગવટાનાં રહેણાંકનાં મકાનમાં ઈંગ્લીશ દારૂની બોટલ નંગ– ૨૪ કિંમત રૂ. ૧૪૮૨૦ /– નો મુદ્દામાલ રાખી પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬ ( બી),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**મુદ્દા નં.૧ :**

**૭.** સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતા તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક– ૧૨ થી ફરિયાદી ભગતભાઈ નાજાભાઈ રગિયા આંક–૧૪ થી સાહેદ રાજુભાઈ નાથાભાઈ પરમાર આંક–૧૫ થી સાહેદ જીતેન્દ્રભાઈ મહેશભાઈ કાતરીયા તથા આંક–૧૬ થી ત.ક.અ. વિજયભાઈ કમાભાઈ રાઠોડ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આ કામનાં આરોપીઓએ પોતાનાં કબજા ભોગવટામાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ– ૨૪ કિંમત રૂા. ૧૪૮૨૦ /– નો મુદ્દામાલ રાખી મળી આવેલ હોવાનું જણાવે છે અને ફરીયાદને અનુરૂપ પુરાવો આપી, ફરીયાદમાં ફરીયાદીની સહિ ઓળખી બતાવેલ છે. તેમજ પંચનામાની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ આગળની તપાસ ત.ક.અ.ને સોપતાં, તેઓએ તપાસ સંભાળી લઈ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી. તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ કહેવાતી જગ્યા આ કામના આરોપીઓની માલિકી કે કબજા હવાલાનું હોવા અંગે કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ આંક– ૦૮ થી પંચ સાહેદ હારુનભાઈ અલારખભાઈ ચૌહાણ તથા આંક– ૧૦ થી પંચ મુસ્તુફાભાઈ મહમદભાઈ ચૌહાણ નાઓને

સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક– ૦૯ થી રજુ થયેલ પંચનામામાં તેમની સહિ કર્યા સિવાય કશું જાણતા નહિ હોવાનું જણાવેલ હોય, એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જે એક માત્ર સ્વતંત્ર સાહેદો છે તેઓ એ ફરીયાદપક્ષ ના કેસ ને સમર્થન આપેલ નથી અને સદર પંચ સાહેદો પોલીસ સ્ટેશને થી પસાર થતા હતા તે વખતે પોલીસે એક તૈયાર પંચનામા માં સહીં કરાવેલ હોવાનું જણાવતા હોય ત્યારે આ કામના ફરીયાદી તથા સાહેદો એ આરોપી પાસે થી વિદેશી દારૂ ની બોટલો સદર પંચો ની રૂબરૂ માં કબજે કરવામાં આવેલ હોવાની હકીકત ને સમર્થન મળતુ નથી. જેથી જે સ્વતંત્ર સાહેદો નો રૂબરૂ માં દારૂ ની બોટલો કબજે કરવામાં આવેલ ન હોય તેવા સાહેદો ના પુરાવા થી જ ફરીયાદપક્ષ ને સમર્થન મળતુ ન હોય ત્યારે ફરીયાદપક્ષ ના સમગ્ર કેસ પર શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ નો THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) 2016 (4) GLR 3159 નો ચુકાદો ધ્યાને લેતા નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે,....

> *"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે એકમાત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદ છે અને તેઓ એ ફરીયાદપક્ષ ના કેસ ને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ ના કેસ મુંજબ આરોપી પાસે થી સદર મુદ્દા માલ ઈંગ્લીસ દારૂ ની બોટલો આરોપીના પોતાના રહેણાંકી મકાન માં થી પકડાયેલ હોવાનું જણાવે છે, પરંતુ સદર

રહેણાંકી મકાન આરોપી ની માલીકી કબજા ભોગવટા નું હતુ કે કેમ? તે સબંધે ફરીયાદપક્ષે કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાન માં લેતા પકડાયેલ દારૂ ની બોટલો ઈંગ્લીસ દારૂ ની જ હતી તે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા એફ.એસ.એલ. નો કોઈ રીપોર્ટ રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી તેમજ પકડાયેલ બોટલો માં રહેલ પ્રવાહી પરપ્રાંતિય દારૂ કે કેફી પીંણું હતુ તે પુરવાર કરવા માટે સદર બોટલો ની ચકાસણી તથા પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી જેથી પણ ફરીયાદપક્ષ ના સમગ્ર કેસ પર શંકા ઉત્પન્ન થતી હોય ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી(૧)ભરતભાઈ સવજીભાઈ બારૈયા,(૨)દિશાંતભાઈ દિપકભાઈ બારૈયા નાઓને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬ ( બી),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

૩. આ કામે આરોપીઓ એ આ કેસમાં અગાઉ અત્રેની અદાલતમાં આપેલ જામીન તથા જાત મુચરકો આ કેસના આ ચૂકાદાની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૫/૨૦૨૬ (હિતેશકુમાર બુધાભાઈ શર્મા )
મહુવા. કોડ નં.જીજે૦૧૧૪૭
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, મહુવા.